## જન્મદિને વધામણી



પ્રમોદભાઈ રાવલ
મો. ૯૪૨૭૦ ૫૧૧૨૭



નારાયણ પટેલ (ગુરુકુલ)
મો. ૮૪૦૧૪ ૧૭૦૬૭



ધિરલ અશોક શાહ
મો. ૯૪૨૬૦ ૪૭૯૪૬



ચિરાગ શશીકાંતભાઈ જોષી
ડિરેક્ટર
એલિગેટર્સ એજ્યુકેશન
મો. ૯૮૭૯૫ ૮૫૨૮૩

# ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાના અધ્યાપક આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ આપશે



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના પાદરે કાર્યરત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ફૅકલ્ટી મૅમ્બર ડૉ. આર કે સિંઘ યુનિવર્સિટી ઑફ હેન્નોવર, જર્મની ખાતે આઈસીસીઆર રોટેટિંગ ચેર પ્રૉફેસર તરીકે નિયુક્ત થયા છે. ઉલ્લેખનીય છે કે આઈસીસીઆર (ધી ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રીલેશન્સ) દ્વારા ઈન્ડિયન મિશન એબ્રોડના સંયુક્ત ઉપક્રમે વિવિધ વિદેશી યુનિવર્સિટીઝમાં ભારતીય શિક્ષણ આપવા માટે આ ચેરની રચના કરવામાં આવી છે. આ સ્થાન પર પ્રથમવાર ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટીના કોઈ અધ્યાપકની પસંદગી કરવામાં આવી છે. ડૉ. સિંઘનો આ ચેર પર કાર્યકાળ બે વર્ષનો રહેશે. આ સ્થાન પર રહીને ડૉ. સિંગ બે વિષયો શીખવશે : 'કમ્પેરેટેટીવ કૉન્ટ્રાક્ટ લૉ (વિથ ઍલિમેન્ટ્સ ઑફ ઈલૅક્ટ્રોનિક કૉન્ટ્રાક્ટ્સ)' અને 'ઈન્ડિયન કોન્સ્ટીટ્યુશનલ લૉ ઈન એ કમ્પેરેટિવ વ્યૂ.' આ ઉપરાંત તેઓ યુરોપિયન લિગલ પ્રેક્ટિસ પ્રોગ્રામ અંતર્ગત વક્તવ્ય પણ આપશે. ડૉ. સિંઘને આ નિયુક્તિ બદલ જીએનએલયુ પરિવાર તરફથી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવામાં આવી છે.

# સ્વર્ગસ્થ પત્નીના સ્મરણાર્થે પતિ દ્વારા અનોખાં સેવાકાર્યો

ગાંધીનગર, તા. ૧૪

ભગુભાઈ પટેલ કે જેઓ ગાંધીનગર શહેરના સેક્ટર-૮ના રહેવાસી છે અને તેમના બે દીકરા તથા એક દીકરી અમેરિકા-કેનેડા ખાતે રહે છે તેઓ સેવામાં સતત જોડાયેલા રહે છે અને જુનિયર સિટિઝન કાઉન્સિલ સાથે પણ જોડાયેલા છે.

તાજેતરમાં કડી ખાતે તેમનાં ધર્મપત્ની સ્વ. સીતાબેન પટેલના જન્મદિન અને સ્મરણાર્થે દર્દીઓને વિનામૂલ્યે સવલત આપવાના કાર્યક્રમનો કડી ખાતે એમણે પ્રારંભ કરાવ્યો હતો. કડી શહેર અને તેની આજુબાજુના ગ્રામ વિસ્તારોમાં વસવાટ કરતા પ્રજાજનોને તાત્કાલિક જરૂર પડે ત્યારે ટોકન ડિપોઝીટ લઈને વોકર, ટોયલેટ ચેર, ટોયલેટ ટેબલ, ફોરલેગ સ્ટીક, સિંગલ સ્ટીક, બેક રેસ્ટ, વોટર બેડ, એર બેડ, બગલ ઘોડી, ઓક્સીઝન મશીન, સક્શન મશીન, ફોલ્ડીંગ પલંગ, ટોયલેટ ચેર, હોસ્પિટલ બેડ અને વ્હીલ ચેર જેવી સવલતો આપવા માટેના કેન્દ્રનો તેમણે આરંભ કરાવ્યો હતો. આ સવલત પેટે જે ડિપોઝીટ લેવામાં આવશે તે જ્યારે દર્દીની સવલત માટે છે અને સાધન પરત આપ્યે દર્દીને ડિપોઝીટ પરત આપી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર અંતિમધામમાં મૃતદેહ રાખવા માટેનું આઈસબોક્સ પણ ભગુભાઈ પટેલના પરિવાર તરફથી આપવામાં આવ્યું છે. આમ, કડી અને ગાંધીનગર એમ બંને શહેરોમાં સેવાના હેતુથી આ પરિવાર દ્વારા પાંચેક લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, જે માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણી શકાય.

કડી ખાતે દર્દી સહાય કેન્દ્રના ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં અમેરિકા સ્થિત તેમના દીકરા ડૉ. અલ્પેશભાઈ અને દીકરી ડૉ. કામિનીબેન ઉપસ્થિત રહ્યાં હતાં. કડી અને ગાંધીનગર શહેરના સેવાપ્રેમીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૭ એ વસાહત મંડળ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાયા





ગાંધીનગર, તા. ૧૪

સેક્ટર-૭ એ વસાહત મંડળ આયોજિત નવરાત્રિ પર્વની ઉજવણીના અંત ભાગમાં દશેરાના દિવસે બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામોત્સવ અને મનોરંજક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નવરાત્રિમાં ભાતીગળ ગરબાની સાથે સાથે તમામને પ્રોત્સાહક લ્હાણી વહેંચવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાનાં બાળકોએ પોતાની વિવિધ કલાનું પ્રદર્શન કર્યું હતું તેમજ જાદુગર શર્માએ પોતાની જાદુની કલા દ્વારા લોકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં ૬૦ જેટલા તેજસ્વી તારલાઓને સિલ્વર મૅડલ તેમજ અન્ય ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૭૫ વર્ષની આયુ પૂર્ણ કરનાર વડીલોનું શાલ ઓઢાડીને સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વિ કેર ફાઉન્ડેશનના ચેરમેન જે સી પટેલ, નાગરિક બેન્કના પૂર્વ એમડી અશોકભાઈ એચ પટેલ, શ્રી રામરોટી અન્નક્ષેત્ર આશ્રમ, કોઠારિયા, વઢવાણના ઉપપ્રમુખ ભરતભાઈ ડી પટેલ, પૂર્વ કલેક્ટર નારાયણભાઈ મોદી, દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વસાહત મંડળમાં લાંબી સેવાઓ આપી ચૂકેલા ૭૫ વર્ષીય પ્રમુખ શિવાભાઈ પટેલે સ્વાગત પ્રવચન દરમ્યાન પ્રવૃત્તિ અહેવાલ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત કોળી સમાજ વિકાસ નિગમના એમડી જશવંતભાઈ ગાંધી તેમજ સ્વયંસિદ્ધા સંસ્થાનાં સંચાલક વંદનાબેન પટેલે કર્યું હતું.

આ કાર્યક્રમ બાદ આસો સુદ એકાદશીના દિવસે નવરાત્રિ ચોકમાં જય શ્રી સીતારામ સુંદરકાંડ પરિવાર, કલોલ દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

અન્યોની સેવામાં ખોવાઈ જવું એ પોતાને ઓળખવાનો શ્રેષ્ઠ રસ્તો છે.
- ગાંધીજી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
એમ એસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
એમ એસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
એમ એસ ધોની
૩.૧૫, ૯.૩૦

# બીસીએ અને એમસીએ કોલેજમાં નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બીસીએ અને પીજીડીસીએ) અને એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ (એમસીએ)ના સંયુક્ત ઉપક્રમે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં જગદંબાને પોતાની ભક્તિથી રાજી કરવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ ભાતીગળ ડ્રેસમાં ઉપસ્થિત રહીને મા અંબાની આરતી ઉતારી હતી ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓ જયનાદ સાથે ગરબાના તાલે ઝુમ્યા હતા. સર્વ વિદ્યાલયની ગરિમાને જાળવતાં આ વિદ્યાર્થીઓએ અલગ અલગ ગ્રૃપ બનાવીને ગરબા ગાઈને કાર્યક્રમને મન મૂકીને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય ઍમ શાહ અને ઍમબીએના ડિરેક્ટર ડૉ. ભાવિન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ૫૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા બીસીએ અને ઍમસીએના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રોએ જહેમત ઊઠાવી હતી.

# જે બી પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા. ૧૪

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા ત્રણ દિવસના રાજસ્થાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૭ અને ધોરણ-૮ના ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ રોમાંચક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ અનેક સુંદર સ્થળોની મુલાકાત લીધી હતી. શામળાજી, ઉદયપુર, હલ્દીઘાટી, પાવાપુરી, સુન્ધામાતા, માઉન્ટ આબુ અને અંબાજીની મુલાકાત વિદ્યાર્થીઓ માટે યાદગાર રહી હતી. વિદ્યાર્થીઓએ આ સ્થળો વિશે વિગતે માહિતી પણ એકત્ર કરી હતી અને માઉન્ટ આબુના કુદરતી સૌંદર્યને મન ભરીને માણ્યું હતું.

# ઍન કે સોલંકી સ્કૂલ ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

શ્રી ઍન કે સોલંકી સ્કૂલ ઑફ કૉમર્સ, સૅક્ટર-૨૮ ખાતે નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના વિદ્યાર્થીઓ પરંપરાગત વસ્ત્રઓ ધારણ કરીને ગરબે ઘૂમ્યા હતા. સમસ્ત કાર્યક્રમનું શિસ્તપૂર્વકનું સંચાલન પ્રિન્સિપાલ હેમાદ્રીબેન જાની ડિરેક્ટર રાજેશભાઈ દરજી અને આસિફભાઈ એ મનસુરીએ સફળતાપૂર્વક કર્યું હતું.

# રણજિતરામ મહેતાના જીવનકથન પર આધારિત ગ્રંથનું વિમોચન આજે ગાંધીનગર શહેરમાં

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના આદ્યસ્થાપકો પૈકીના સાક્ષર રણજિતરામ મહેતાના જીવનકથન પર આધારિત ગ્રંથ 'રણજિતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય'નું વિમોચન કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે આયોજિત કરાયું છે.

સંપાદક-સંશોધક દોલત ભટ્ટના અભ્યાસ ગ્રંથના વિમોચન પ્રસંગે જાણીતા પત્રકાર ભવેન કચ્છી મુખ્ય મહેમાન તથા અકાદમી અધ્યક્ષ ભાગ્યેશ જ્હાની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આ માટેનો સમારોહ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે તારીખ ૧૫ ઓક્ટોબર ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે યોજવામાં આવ્યો છે.

# લોહાણા યુવા સંગઠન દ્વારા વીરપુર પદયાત્રા

ગાંધીનગર, તા. ૧૪

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ અવિરતપણે આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૦મી પદયાત્રાનું આયોજન આગામી તા.૦૯-૧૧-૨૦૧૬ થી ૧૮-૧૧-૨૦૧૬ સુધી કરવામાં આવેલ છે. પદયાત્રામાં જોડાવવા ઈચ્છતા પદયાત્રીઓએ પ્રવેશ ફોર્મ તથા અન્ય વધુ વિગતોની જાણકારી માટે મેનેજરશ્રી, જલારામ ધામ, સેકટર-૨૯, ગાંધીનગરનો સંપર્ક કરવો. (સંપર્ક નં. ૨૩૨-૨૩૬૧૪) કરવા વિનંતી કરાઈ છે.

સાથોસાથ સંસ્થાના ભગીરથ કાર્યમાં તન, મન, ધનથી સેવા આપવા ઈચ્છતા દાતાશ્રીઓ, સેવકોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સામેલ થઈને કાર્યક્રમને પ્રોત્સાહન આપી સફળ બનાવવા સંસ્થા વતી પ્રમુખ નિલેશ પુજારા અને મંત્રી ચેતન દક્ષિણીએ હાર્દિક અપીલ સાથે વિનંતી કરી છે.

# મગોડીના વૃદ્ધાશ્રમ ખાતે વૃદ્ધ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૪

મગોડી ખાતે કાર્યરત રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિનની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાળાનાં બાળકોએ વયસ્કો સાથે રહેવાનો ને આનંદ માણવા-આપવાનો મોકો પ્રાપ્ત કર્યો હતો. શિક્ષકોએ આ પ્રસંગે જ્ઞાન-ગુણસભર વાર્તાઓ બાળકોને સંભળાવી હતી.

મગોડી આરોગ્ય કેન્દ્ર દ્વારા વડિલો માટે નિદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય કેન્દ્રનાં મૅડિકલ ઑફિસર ડૉ. મીરા એમ રાજગુરુએ સ્ટાફ સહિત આ નિદાન કેમ્પમાં પોતાની સેવાઓ અર્પણ કરી હતી.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને GVK-EMRIમાં તાલીમ





ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના દ્વિતીય વર્ષ નાં ૭૩ વિદ્યાર્થીઓ એ GVK- EMRI ખાતે વિદ્યાર્થીઓ ને સ્વાસ્થ્ય સુવિધામાં ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર ની વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન મેળવવા ઉપરોક્ત મુલાકાતનું આયોજન કરવા માં આવ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને ઈમરજન્સી મેનેજમેન્ટ રીસર્ચ સેન્ટરની મુલાકાત એ પણ મેનેજમેન્ટનો જ એક ભાગ હોઈ તેનું માર્ગદર્શન તેઓ માટે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અભ્યાસ ની સાથે સાથે વિદ્યાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ તેનો લાભ કઈ રીતે મેળવી શકાય તે બાબતનું માર્ગદર્શન પણ એક જાગૃત નાગરિક તરીકે હોવું જરૂરી છે. જેથી વ્યક્તિ પોતાને તેમજ અન્ય ને પણ મદદરૂપ બની શકે. ભવિષ્યમાં સરકારી નોકરી કે અન્ય સામાજિક જવાબદારી નિભાવતી વખતે ઉપરોક્ત તાલીમ વિદ્યાર્થીઓને ૧૦૮ સેવા યુનિટ ખાતે રાજેન્દ્ર પારધી તેમજ નિસર્ગ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા માર્ગદર્શનની સાથે સાથે અનેક પ્રશ્નોના જવાબ તેમની પાસેથી મેળવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને અધિકારીઓ તરફથી સંપૂર્ણ સંતોષનક જવાબ આપવામાં આવ્યા હતા. જેમાં વિવિધ સેવા ઓ નો ઉલ્લેખ કરવા માં આવ્યો જેવી કે 108,181,100, MHU અને ખીલ ખીલાટ જેવી સુવિધાઓ બાબતે તલસ્પર્શી માહિતી આપવા માં આવી હતી. સાથે સાથે નાગરિકોના ફોનના જવાબ કઈ રીતે આપવામાં આવે છે. તેમજ ત્યાં ફરજ બજાવનાર કર્મચારીઓને કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે. જેથી તેઓ નાગરિકોની સારી રીતે સેવા કરી શકે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦૮ તત્કાલ સેવા વ્યક્તિને ગુજરાતના કોઈ પણ સ્થળેથી સારવાર માટે હોસ્પિટલ સુધી પહોચાડે છે. તેમજ પ્રાથમિક સુવિધા ૧૦૮ વાનમાં જ આપી દેવામાં આવે છે.

તેવી જ રીતે ખીલખીલાટ સુવિધામાં પ્રસુતા તેમજ બાળકની માવજત તેમજ તેમને પ્રસુતિ માટે તેમજ ત્યારબાદ ઘર સુધી પહોંચાડવા માટે સેવા આપે છે. તેમજ સાથે સાથે પૌષ્ટિક સુખડી પણ પ્રસુતાને આપે છે. ૧૮૧ મહિલા સુરક્ષા માટેની સુવિધા આપે છે. જેનાથી રાજ્યની દરેક મહિલા પોતાને સુરક્ષિત માની શકે. તેમજ ૧૦૦ નંબર સુવિધા રાજ્યના તમામ નાગરિકો ને પોલીસની સેવા મેળવવા માટે છે. આમ વિદ્યાર્થીઓને સમગ્ર દિવસ દરમ્યાન ઉપરોક્ત તમામ વિષય પર ઉપયોગી માહિતી આપવા માં આવી.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, પ્રો. શીતલ પટેલ, પ્રો. ઉન્નતી વ્યાસ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.